**રૂપિયાનું છે રાજ**

\- - - - - - - - - - -

રૂપિયાનું છે રાજ અહીંયા રૂપિયાનું છે રાજ
રૂપિયા વિના અહીં બધુંય સાવ થયું તારાજ

રાજીપો કે નારાજીના મૂળમાં રૂપિયો છે
લિયા-દિયાનો ધરમ અહીંયાં રૂપિયો રુદિયો છે
રૂપિયા માટે કશુંય કરતાં ન કોઈને આવે લાજ.... રૂપિયાનું છે રાજ.

દરિયો ભરીને રૂપિયા જોઈએ: પહાડથી ઊંચા રૂપિયા
રૂપિયા મારી પ્રિયતમા ને રૂપિયા છે સાવરિયા
બધાં અહીં છે મૂંગામંતર: રૂપિયાનો રૂડો અવાજ.... રૂપિયાનું છે રાજ.

ખભા ઉપર રૂપિયો ઊગ્યો : પગની પાસે રૂપિયો
શાહમૃગના ઈંડા જેવો રૂપિયો બડો છે બળિયો
મંદિરમાં પણ રૂપિયાની છે આવતી કાલ અને આજ....રૂપિયાનું છે રાજ.

રૂપિયો શાણી સત્તા છે ને રૂપિયો એ જ મહત્તા
રૂપિયા વિના હડધૂત થાતા : ખાતાં બધાંય ખત્તા
ખુશામતિયાઓ ટોળે વળે : એ છે રૂપિયાનો અંદાજ....રૂપિયાનું છે રાજ.

ઊંઘવા માટે સ્લીપિંગ પિલ્સ ને વાતવાતમાં ટૅક્સ
અહીં બધાને એક જ ઝંખના: ધનિકા સાથે સૅક્સ
શેષનાગ પણ કરી શકે શું ? બધાં જ સમડી, બાજ.....રૂપિયાનું છે રાજ.

Mukesh Mori
Veraval
9227687134

BACK to
www.vadwala.com